| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૭/૦૫/૨૦૨૩ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૪૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૮ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૪૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૭૪૪/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** મીનીબહેન વા/ઓ મનીશભાઇ નાયર (ઉ.વ.૪૪)(રહે.સિમંધર એંક્લેવ, પાવાપુરી બસ સ્ટેંન્ડ પાસે, જનતાનગર ઘાટલોડીયા) એ તા.૦૬/૦૫/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, લોકરમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૬,૪૫,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.સુસરા ચલાવે છે.

### નજર ચુકવી ચોરીઃ- સમાચાર યાદી નં.૭૪૫/૨૦૨૩

**ઘાટલોડીયાઃ** પુષ્પાબહેન વા/ઓ મગનભાઇ પટેલ (ઉ.વ.૮૩)(રહે.રિધ્ધી સોસાયટી, સ્વામી નારાયણ મંદિરની બાજુમા, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા)એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે કે.કે.નગર રોડ મુરલીધર ડેરી થી રિધ્ધી સોસાયટીના ગેટ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ ત્રણ અજાણી સ્ત્રીઓએ ભેગામળી પુષ્પાબહેનની નજર ચુકવી તેમના ગળામાં પહેરલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ ડાભી ચલાવે છે.

**ચાંદખેડાઃ** હંસાબહેન વા/ઓ ગૌતમભાઇ મહેશ્વરી (ઉ.વ.૫૮)(રહે.જુનુ કોલેજ કમ્પાઉન્ડ, પ્રતાપભાઇ માળીની વાડી, પાલનપુર શહેર) એ તા.૦૬/૦૫/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૩ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે ચાંદખેડ BRTS બસ સ્ટેન્ડ થી ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ અન્ય પેસેન્જરોએ ભેગામળી હંસાબહેનની નજર ચુકવી તેમનું પર્સ ચોરી કરી લઇ નાસી ગયા હતા. જે પર્સમાં સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,000/- મળી કુલ રૂપિયા ૩,૯૬000/- ની મતા મુકેલ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.બુખારી ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** જસ્મીનીબહેન જીગ્નેશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૯)(રહેવિવેકાનંદનગર હાથીજણ) એ તા.૦૬/૦૫/૨૦૨૩ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૨૩ સવારના ૬/30 થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન જશોદાનગર ચાર રસ્તા થી નીકા ટયુબ ચાર સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષામાં સાથે બેસેલ અન્ય પેસેન્જરોમાંથી કોઇ વ્યક્તિએ જસ્મીનીબહેનની નજર ચુકવી તેમના પર્સની ચેઇન ખોલી પર્સમાંથી સોનાના દાગીના, મોબાઇલ ફોન નંગ-૨, રોકડ રૂપિયા ૪00/- મળી કુલ રૂપિયા ૧,૩૯,૭૪૯/- મતાની ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

## અપમૃત્યુઃ સમાચાર યાદી નં.૭૪૬/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** છારોડી, સ્વર્ણીમ સેન્ટોસા નામની નવી બનતી સાઈટની લેબર કોલોનીમાં રહેતા અને ત્યાંજ મજુરી કામ કરતા સદરૂલઆલમ મોહમદઅસરફ મન્સુરી (ઉ.વ.૩૩)(મુળ વતનઃ-ગામ-ટીલાકી, તા.ધારપુર, જી-મધેપુરા, બિહાર) તા.૦૫/૦૫/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે “સ્વર્ણીમ સેન્ટોસા” સાઈટના ‘બી’ બ્લોકના પાંચમા માળે સેન્ટીંગનું કામ કરતા હતા ત્યારે સદરૂલઆલમ નો પગ લપસતા આઉટરમાંથી નીચે પડી જતા, શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લાવતા સાંજના ૭/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૭૪૭/૨૦૨૩

**શહેરકોટડાઃ** નીતીન રમણભાઇ સોલંકી(ઉ.વ.૩૨)(રહે.કસ્તુરભાઇની ચાલી, અશોકમીલની નવી ચાલી, નરોડા રોડ)એ અગમ્ય કારણસર તા.૦૬/૦૫/૨૦૨૩ સવારના ૯/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે પડદાનો પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠિસિંહ કેશરીસિંહ ચલાવે છે.

**શાહીબાગઃ** ધ્રુવ સ/ઓ જીવણભાઇ રોટાતર(ઉ.વ.૧૭)(રહે.લાખાજી કુંવરજીની ચાલી અસારવા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૫/૨૦૨૩ સાંજના ૬/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૫/૨૦૨૩ ના કલાક ૪/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પોસઇશ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**નરોડાઃ** પ્રકાશ નરેશન્દ્ર શર્મા (ઉ.વ.૨૮)(રહે.શિવ-સ્વાતિ એપાર્ટમેન્ટ, ન્યુ શાહીબાગ, નાના ચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણજીતસિહ પ્રતાપસિહ ચલાવે છે.

**બાપુનગરઃ** શિલમબહેન કિશનસિંહ બઘેલ (ઉ.વ.૩૫)(રહે,ગુ.હા.બોર્ડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૩ ના કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઇ જલદ પ્રવાહી પી લેતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૫/૨૦૨૩ ના કલાક ૮/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી